**વંચાણે લીધા :**

**(૧) પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૨/૨૦૧૭ તા.૧૫/૪/૧૭**

**(૨) પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૫/૨૦૧૮ તા.૮/૧/૧૮**

## જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૩૭ /૨૦૧૮**

**તા. ૮ /૧૦/૨૦૧૮**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત થલતેજ ચાર રસ્તા થી હેલ્મેટ ચાર રસ્તા તથા નવરંગપુરા વિસ્તારમાં આવેલ વિશ્રામ ફ્લેટ સુધીના રસ્તા પર તા.૩૦/૯/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા તથા નો-પાર્કીંગ ઝોન જાહેર કરવા અંગેનો હુકમ કરુ છું.

**હુકમ :-**

**(૧)** થલતેજ ચાર રસ્તા થી શરુ કરી કોમર્સ છ રસ્તા સુધીનો ડીવાઇડરથી બન્ને તરફ ૪.૨૫ મીટર જેટલો રોડ તમામ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

- **થલતેજ ચાર રસ્તા થી શરુ કરી કોમર્સ છ રસ્તા સુધીનો સમગ્ર રોડ તેમજ સર્વિસ રોડ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.**

**રોડ ઉપરના જંકશન :**

**(૧)** સાંઇબાબા ચાર રસ્તા **(૨)** ઇન્દ્રપ્રસ્થ ટાવર ટી **(૩)** ગુરુકુળ ટી **(૪)** માનવ મંદીર ટી **(૫)** હેલ્મેટ ચાર રસ્તા **(૬)** સૌરભ ચાર રસ્તા **(૭)** વિજય ચાર રસ્તા **(૮)** કોમર્સ છ રસ્તાના ડીવાઇડર કટ વાહન વ્યવહાર માટે ખુલ્લા રહેશે.

**વૈકલ્પિક રૂટ** :

સદરહુ રોડનો બાકી રહેતો ૭-મીટર જેટલો રોડ વાહન વ્યવહાર માટે ઉપયોગ કરી શકાશે.

**(૨)** સંપન કોમ્પલેક્ષ (સહકાર નિકેતન સોસાયટી ગેટ નં.૨) ની સામેથી નવરંગપુરા ત્રણ રસ્તા સર્કલ (હેવમોર સર્કલ) થઇ હોટલ ફાર્મરોઝ (વિશ્રામ ફ્લેટ) સુધીનો ડીવાઇડરની બન્ને બાજુ ૪ (ચાર) મીટરનો રોડ તમામ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક રૂટ** :

- સ્ટેડીયમ પાંચ રસ્તાથી સ્વસ્તિક ચાર રસ્તા થઇ ડાબી બાજુ વળી નવરંગપુરા ચાર રસ્તા તરફ જઇ શકાશે.
- સ્ટેડીયમ પાંચ રસ્તાથી અંડરપાસની ઉપરથી જમણી તરફ વળી વિશ્રામ ફ્લેટ તરફ જઇ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૩૦/૯/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ

કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૯/૧૦/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૯/૧૦/૨૦૧૮
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.
(૫) રજીસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ.......................................... અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.
(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર
(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર
(૯) ડાયરેક્ટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર